GJSK030023562022

| પ્રાંતિજના એડીશ્નલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (શ્રી ડી.એમ.પંડયા) સાહેબશ્રી ની કોર્ટમાં, મુ.પ્રાંતિજ. |
|---|

ફો. કે.નં.૧૯૪૦/૨૦૨૨
આંક–૪

ફરીયાદી : શ્રીસરકાર

વિરુધ્ધ

આરોપી : સતીષસિંહ ભીખુસિંહ પરમાર
રહે.પ્રાંતિજ ચંચળબાનગર,તા.પ્રાંતિજ,જિ.સાબરકાંઠા.

ગુનો–પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫–એ–એ મુજબ

–:ઠરાવ :–

૧. આ કામના ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી વિરુદ્ધ પ્રોહી એક્ટની કલમ–૬૫–એ–એ મુજબનો ગુન્હો કરેલ હોય તેને અટક કરી પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આ કામના આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા તેમને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી.

૩. ફરીયાદપક્ષના તહોમત મુજબ આરોપીએ આંક–૨ થી ગુના કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ છે તેવુ જણાવેલ છે જે પુરસિસ રેકર્ડે કરવામાં આવતા આરોપીને વાંચી સંભળાવી સમજાવતા જવાબ લેવામાં આવતા આરોપીએ આંક–૩ ના નિવેદનમાં ગુનો કબુલ છે તેવુ જણાવે છે. જેથી ઉપરોક્ત ગુનો આરોપી કબુલ કરશે તો તે અંગેની ગુનાની સજા અંગે જણાવવામાં આવેલ છે. આરોપી સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ રાખતા હોઈ કબુલાત પુરશીશ રેકર્ડ કરવામાં આવેલ છે. આરોપીની રજુઆત એવી છે કે તેમનો આ પ્રથમ ગુનો છે. આ ગુનો કરવામાં તેમનો કોઈ ઈરાદો ન હતો અને ભવિષ્યમાં ગુનો કરશે નહી તેની ખાત્રી આપે છે.

વધુમાં નામદાર ઉચ્ચ અદાલતના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર (૨૦૦૫) કા.લો.ઈ.૨૯૫૭ના ચુકાદાના પ્રસ્થાપિત સિંધ્ધાત વંચાણે લેવામાં આવેતો કોર્ટને એવુ જણાય કે કોર્ટને ઓછામાં ઓછી સજા કરતી વખતે આરોપીની પરિસ્થિતિ, આરોપીનો ગુનો તેમજ અન્ય સંજોગોનો વિચાર કરવો જોઈએ ત્યારે કોર્ટ આ અંગે યોગ્ય નિર્ણય લઈ ઓછામાં ઓછી સજા કરી શકે.

આ ગુના અંગેની જોગવાઈ તેમજ આરોપી ધ્વારા સ્વેચ્છાએ કબુલાત કરવા માગતા હોય ત્યારે હાલના ગુના પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ- ૨૫૨ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ- ૬૫-એ-એ મુજબના ગુના સબબ દોષીત ઠરાવી **રૂા.૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા)** તેમજ કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી ઉપરોકત દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન-૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૨ મી માહે નવેમ્બર સને ૨૦૨૨ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૨/૧૧/૨૦૨૨
મુ.પ્રાંતિજ.

(દિપ્તી મૌલિક પંડયા)
જયુડી. મેજી.ફ.ક., પ્રાંતિજ.
(જજ કોડ નં.૦૧૨૯૦)